સંદેશ

Date: 21 February, 2019 Page # 3 (City Life)

## IITRAM ખાતે ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ હેકાથોન ૨૦૧૯નું આયોજન કરવામાં આવ્યું

# હેકાથોનમાં સ્ટુડન્ટ્સની 101 ટીમોએ વર્તમાન પરિસ્થિતિની સમસ્યાઓનું નિરાકરણ શોધ્યું

ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટેક્નોલોજી, રસર્ચ એન્ડ મેનેજમેન્ટ ખાતે ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ હેકાથોનનું આયોજન કરવામાં આવ્યું. એન્જિનિયરિંગનાં સ્ટુડન્ટ્સની પ્રતિભાઓ બહાર લાવવાનાં હેતુથી ગુજરાત શિક્ષણ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવેલ સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી તેમજ ગુજરાત નોલેજ સોસાયટી દ્વારા રાજ્યભરમાં કરવામાં આવેલ કાર્યક્રમ અંતર્ગત ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ હેકાથોન ૨૦૧૯ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સ્ટુડન્ટ્સે સતત ૩૬ કલાક સુધી ઈન્ડસ્ટ્રી દ્વારા આપવામાં આવેલ સમસ્યાઓનાં નિરાકરણનાં ભાગરૂપે કામગીરી કરી હતી. IITRAMનાં આ હેકાથોનમાં રાજ્યની ૨૫ ગવર્નમેન્ટ તેમજ સેલ્ફ ફાઈનાન્સ કોલેજની ૧૦૧ સ્ટુડન્ટ્સની ટીમોએ પાર્ટીસિપેટ કર્યું હતું. જેમાં કુલ ૫૫૨ જેટલા સ્ટુડન્ટ્સને ૫૪ મેન્ટર્સે ગાઈડ કર્યાં હતા જેમને ૪૦ જેટલી ઈન્ડસટ્રિઝ દ્વારા વિવિધ સમસ્યાઓ આપવામાં આવી હતી. જે સમસ્યાઓમાંથી વર્તમાન પરિસ્થિતિ મુજબ સમગ્ર વિશ્વમાં શહેરી વિસ્તારોમાં ઊર્જાનો વપરાશ અને પ્રદૂષણની સમસ્યાઓ વધી રહી છે. જે સમસ્યાઓનાં રાષ્ટ્રીય નિરાકરણ માટે કચરા વ્યવસ્થાપનની તેમજ સ્ટ્રીટ લાઈટની





સ્માર્ટ સિસ્ટમ અંગેની સમસ્યાઓનાં નિરાકરણ માટેનાં વિવિધ પ્રોજેક્ટ રજૂ કર્યાં હતા. ઉપરાંત શહેરીકરણ અન ઔદ્યોગિકરણને કારણે પેદા થતા કચરાનાં કદ અને પ્રકારમાં વધારાને ધ્યાનમાં રાખીને ડસ્ટબિનનું સતત નિરીક્ષણ કરવા માટે એમ્બેડ કરેલ સિસ્ટમનો ઉપયોગ કરીને કચરા વ્યવસ્થાપન પ્રણાલીમાં ક્રાંતિ લાવવાનાં એક નવીન પ્રોજેક્ટને પણ ડિસ્પ્લે કરવામાં આવ્યું હતું.